# સરકાર વન રેંક વન પેન્શન લાવીને માનશે : મોદી

## રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં સેનાના જવાનોને ખાતરી આપી

નવીદિલ્હી,તા. ૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ખાતરી આપતા કહ્યું હતું કે તેમની સરકાર ભારતીય સેનાના પૂર્વ જવાનો માટે વન રેન્ક વન પેન્શન સ્કીમને અમલી કરવા માટે કટિબદ્ધ છે પરંતુ તેને લઈને રહેલી જટિલતાને દુર કરવા માટે થોડાક સમયની જરૂર છે. મોદીએ આજે પોતાના રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં લોકોની સાથે જોડાયેલા તમામ વિષયો પર વાત કરી હતી. જેમાં ભીષણ ગરમી, સામાજિક સુરક્ષા યોજનાઓ, કિસાન ચેનલ અને વન રેન્ક વન પેન્શનનો સમાવેશ થાય છે. છેલ્લા ૪૦ વર્ષથી આ મુદ્દે રાજનિતી રમવાનો અગાઉની સરકારો પર આક્ષેપ કરતા મોદીએ કહ્યું હતું કે વન રેન્ક વન પેન્શન જટિલ મુદ્દો છે. ૪૦ વર્ષથી જો તમે ધીરજ રાખી છે તો થોડીક ધીરજ હજુ રાખો. આ જ સરકાર વન રેન્ક વન પેન્સનની સ્કીમ અમલી કરશે. આના માટે મોદીએ સમયની માંગ કરી હતી. મોદીએ કહ્યુ હતુ કે જુદા જુદા વિભાગોને આ જટિલ પ્રશ્નને ઉકેલવા માટે કામે લગાડી દેવામાં આવ્યા છે. આ કોઈ સરળ મામલો નથી. આ કાર્યક્રમની વિગત અંગે મિડિયા મારફતે રનિંગ કોમેન્ટરી કરવાનો આ મામલો નથી. જવાનોની ભૂમિકાની પ્રશંસા કરતા મોદીએ કહ્યુ હતુ કે તેઓ તેમની સમસ્યાનો સમજે છે.તોઓ વડાપ્રધાન તરીકે નહી બલ્કે એક વ્યક્તિગત તરીકે વાત કરી રહ્યા છે. મોદીએ પોતાના ૨૫ મિનિટ લાંબા ભાષણમાં લોકોને તેમનામાં વિશ્વાસ રાખવા અપીલ કરી હતી. ભારતના ૨૦ લાખ પૂર્વ જવાનો સાથે જોડાયેલો આ મામલો છે. મોદીએ હાલમાં આવેલા ભૂંકપની યાદ તાજી કરતા કહ્યું હતું કે તેઓ આનાથી હચમચી ઉઠયા હતા. મોદીએ ભીષણ ગરમી વચ્ચે સાવધાન રહેવા લોકોને અપીલ કરી હતી. મોદીએ વધારે પાણી પીવા અને પશુ પક્ષીનુ ધ્યાન રાખવા પણ અપીલ કરી હતી. મોદીએ બોર્ડની પરીક્ષામાં સફળ થયેલા વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી હતી. નિષ્ફળ રહેલા વિદ્યાર્થીઓને હિમ્મત હાર્યાવગર આગળ વધવા અપીલ કરી હતી. દેશને ઉત્તમ શિક્ષકો, કલાકારો, વૈજ્ઞાનિકો અને ખેલાડીઓની જરૂર છે. નિષ્ફળ રહેલા વિદ્યાર્થીઓને સલાહ આપતા મોદીએ કહ્યુ હતુ કે સફળતા અને નિષ્ફળતા જીવનના હિસ્સા તરીકે છે. આજની નિષ્ફળતા પોતાને સમજવા , શક્તિને ઓળખવા અને આગળ વધવાની પ્રેરણા આપી શકે છે. નિષ્ફળતા વચ્ચે પણ આશા જોડાયેલી હોય છે. મોદીએ સરકારે શરૂ કરેલી જીવન જ્યોતિ યોજના, સુરક્ષા વીમા યોજના અને અટલ પેન્શન યોજના અંગે વાત કરી હતી. વડાપ્રધાને દાવો કર્યો હતો કે માત્ર એક મહિનાના ગાળામાં જ આ યોજના સાથે આઠ કરોડ ૫૨ લાખ લોકો જોડાઈ ગયા છે.

મોદીએ કિસાન ચેનલની વાત કરતા કહ્યું હતુ કે પંરપરાગત કૃષિથી આધુનિક ખેતીને વધારવાનો સમય છે. પાકનુ ઉત્પાદન કરી રીતે વધે અને હવામાનની સ્થિતી અંગે ખેડુત માહિતી મેળવી શકે છે. દુધ ઉત્પાદન વધારી દેવામાં ચેનલ ઉપયોગી રહી શકે છે. વૈજ્ઞાનિક રીતે ખેતી કરવાનો સમય છે. મોદીએ ૨૧મી જુનના દિવસે સંપૂર્ણ ઉત્સાહ સાથે યોગ દિવસ મનાવવા માટે લોકોને અપીલ કરી હતી.




## દિલ્હી-આગરા ગતિમાન ટ્રેનને ટૂંકમાં મોદી લીલીઝંડી આપશે

નવી દિલ્હી,તા. ૩૧

૧૬૦ કિલોમીટર પ્રતિક્લાકની ઝડપ ધરાવનાર દિલ્હી-આગ્રા ગતિમાન એક્સપ્રેસને વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી મહિને લીલીઝંડી આપે તેવી શક્યતા છે. આ પ્રથમ અર્ધહાઇ સ્પીડ ટ્રેન સર્વિસ બની રહેશે. જુનના બીજી સપ્તાહમાં મોદી આ ટ્રેનને લીલીઝંડી આપી શકે છે.રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું



છે કે સેમીહાઇ સ્પીડ ટ્રેનના ટ્રાયલની પ્રક્રિયાને પહેલાથી જ પૂર્ણ કરી લેવામાં આવી છે. દિલ્હી અને ાગ્રા વચ્ચે ૨૦૦ કિલોમીટર લાંબા ટ્રેક પર બે વખત આ ટ્રેનને દોડાવવામાં આવી ચુકી છે. હવે કમીશનર ઓફ રેલવે સેફટી (સીઆરએસ) પાસેથી ફરજિયાત મંજૂરી મેળવી લેવાની રાહ જોવામાં આવી રહી છે. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ વિગત આપતા કહ્યું છે કે સીઆરએસ તરફથી કોઈ પણ સમય લીલીઝંડી મળી શકે છે. નવમી જુનના દિવસે આ ટ્રેનને મોટા ભાગે લોંચ કરવામાં આવનાર છે. ૫૪૦૦ એચપી ઈલેકટ્રીક લોકોમોટીવ અને ૧૨ મોડર્ન કોચ આ ટ્રેનમાં રહેશે. આ ટ્રેન મહત્તમ ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડનાર છે. આ ટ્રેન ૨૦૦ કિલોમીટરના અંતરને માત્ર ૧૦૫ મિનિટના ગાળામાં કાપી લેશે. રેલવે દ્વારા પણ મોદી સરકારની એક વર્ષની પુર્ણાહુતિને લઈને ઉજવણી કરવામા આવી રહી છે. ૨૬મી મેના દિવસે ઉજવણી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યા બાદ કાર્યક્રમ નવમી જુન સુધી ચાલનાર છે. ટ્રેકના કેટલાક હિસ્સા સુધી વાડ બનાવવામાં આવી ચુકી છે. સિગ્નલિંગ સિસ્ટમ પણ અપગ્રેડ કરવામાં આવી ચુકી છે. સેમી હાઈ સ્પીડ ટ્રેનને લઈને રેલવે મંત્રાલય દ્વારા પણ ભારે ઉત્સુક છે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુ અનેક વખત કહી ચુકયા છે કે દેશમાં કેટલાક રૂટ પર હાઈ અને સેમી હાઈ સ્પીડ ટ્રેન દોડાવવમાં આવનાર છે.

## જમીન વટહુકમ ફરી લાવવા રાષ્ટ્રપતિએ લીલીઝંડી આપી

નવીદિલ્હી,તા. ૩૧

રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ જમીન વટહુકમ ફરી લાવવા માટેની લીલીઝંડી આપી દીધી છે. તાજેતરમાં જ પૂર્ણ થયેલા સંસદના બજેટ સત્રમાં આને કાનૂનમાં ફેરવી નાંખવાની સફળતા મળી ન હતી પરંતુ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર વટહુકમ લાવવા મક્કમ દેખાઈ રહ્યા છે. વિવાદાસ્પદ જમીન વટહુકમને કાયદામાં ફેરવી નાંખવાના પ્રયાસને હાલમાં સફળતા મળી ન હતી. ગઈકાલે કેન્દ્રીય કેબિનેટની બેઠક વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળી હતી જેમાં વટહુકમને ફરી લાવવાનો નિર્ણય કરાયો હતો. રાષ્ટ્રપતિએ આ વટહુકમને ફરી લાવવાની મંજુરી આપી છે. ત્રીજી વખત વટહુકમ લાવવામાં આવી ચુક્યો છે. ગયા વર્ષે મે મહિનામાં સત્તામાં આવ્યા બાદથી એનડીએ સરકારનો આ તેરમો કારોબારી આદેશ છે. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં પ્રથમ વખત રાઈટ ટુ ફેર કમ્પનસેશન એન્ડ ટ્રાન્સપરન્સી જમીન અધિગ્રહણમાં સુધારા કરવા વટહુકમ લવાયો હતો. લોકસભામાં ૧૦ સત્તાવાર સુધારા સાથે તેને પસાર કરવામાં સફળતા મળી હતી પરંતુ સરકારે સંખ્યા ઓછી હોવાના કારણે રાજ્યસભામાં આને નહીં લઈ જવાનો નિર્ણય કર્યો હતો. આ વટહુકમ આ વર્ષે માર્ચ મહિનામાં ફરી લવાયો હતો પરંતુ તેમાં પણ સફળતા હાથ લાગી ન હતી. સરકારે તમામ પક્ષોને વિશ્વાસમાં લઈને આગળ વધવાની તૈયારી બતાવી છે. વિરોધ પક્ષોના વિરોધ વચ્ચે ગુંચવણ ઉભી થઈ છે. રાષ્ટ્રપતિ વટહુકમને ફરી લાવવાની મંજુરી આપી હોવાની વાત આજે સવારે સૂત્રોએ કરી હતી. સંસદની સંયુક્ત સમિતિની બેઠક ગઈકાલે યોજાઈ હતી જેમાં અનેક વિરોધ પક્ષના સભ્યોએ ૨૦૧૩ના કાયદામાં ફેરફારની પાછળ આપવામાં આવેલી દલીલો પર પ્રશ્નો ઉઠાવ્યા હતા.

## ઈન્કમટેક્સ ફોર્મ સરળ : રિટર્ન ભરવાની તારીખ અંતે વધારાઈ

નવી દિલ્હી,તા. ૩૧

નાણા મંત્રાલયે આજે નવા ત્રણ પાનાના ઈન્કમટેક્સ રિટર્ન (આઈટીઆર) ફોર્મ જારી કર્યા હતા. આની સાથે જ રિટર્ન ભરવા માટેની તારીખને ૩૧મી ઓગસ્ટ સુધી લંબાવવાની પણ જાહેરાત કરી હતી. નાણામંત્રાલયે નવા ત્રણ પાનાના ઈન્કમટેક્સ રિટર્ન ફોર્મ જારી કરતી વેળા વિદેશી પ્રવાસ અને ડોરમેન્ટ બેંક ખાતાઓની ફરજિયાત માહિતી આપવાની વિવાદાસ્પદ જોગવાઈને પડતી મુકી હતી. નાણામંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, નવા આઈટીઆર-૨ અને આઈટીઆર-૨એ નવા ફોર્મમાં માત્ર ત્રણ પાના રહેશે. અન્ય વિગતો સેડ્યુઅલમાં ભરવાની રહેશે. મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નવા આઈટીઆર-૨એને લઈને હિલચાલ ચાલી રહી હતી. વ્યક્તિગત અથવા એચયુએફ દ્વારા આને દાખલ કરી શકાય છે. બિઝનેસ, પ્રોફેશન અને વિદેશી પ્રવાસ, વિદેશી આવકથી નાણા ઉભા કરવાના સોર્સ ન ધરાવનાર લોકો માટે પણ જોગવાઈ કરવામાં આવી છે. બીજી બાજુ ઈન્કમટેક્સ રિટર્ન ભરવા માટેની છેલ્લી તારીખ લંબાવીને ૩૧મી ઓગસ્ટ ૨૦૧૫ કરવામાં આવી છે. વિદેશી પ્રવાસની વિગતો જાહેર કરવાની વિવાદાસ્પદ જોગવાઈના સંદર્ભમાં જાહેરાત કરવામાં આવી છે કે, મૂલ્યાંકન અથવા કરદાતાને પાસપોર્ટ નંબરની જ વિગત આપવાની રહેશે.

આમા એમ પણ જણાવવામાં આવ્યું છે કે, વિદેશી પ્રવાસની વિગતો મેળવવાના હેતુસર એવું સૂચન કરાયું છે કે, જો ઉપલબ્ધ હોય તો માત્ર પાસપોર્ટ નંબર જ આઈટીઆર-૨ અને આઈટીઆર-૨એ ફોર્મમાં આપવાના રહેશે. વિદેશી પ્રવાસ અથવા ખર્ચની વિગતો આપવાની કોઈ જરૂર રહેશે નહીં. વધુમાં મંત્રાલયે ડોરમેન્ટ ખાતાઓની વિગતો જાહેર કરવાની બાબતને ફરજિયાત નહીં બનાવવાનો પણ નિર્ણય કર્યો છે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ઓપરેશન ન રહ્યા હોય તેવા ડોરમેન્ટ ખાતાઓની વિગતો હવે જાહેર કરવી પડશે નહીં. તમામ ફોર્મમાં બેંક ખાતાની વિગતના સંદર્ભમાં માત્ર આઈએફએસ કોડ, તમામ વર્તમાન અને બચત ખાતાના ખાતા નંબર આપવા પડશે. ખાતામાં બેલેન્સની વિગત આપવાની જરૂર રહેશે નહીં. સરળ કરવામાં આવેલા આઈટી રિટર્ન ફોર્મ અગાઉના ફોર્મ કરતા અલગરીતે લાવવામાં આવ્યા છે. અગાઉના વર્ઝન સામે ઉદ્યોગજગત, સાંસદો અને અન્યોએ વાંધો ઉઠાવ્યો હતો.

## દિલ્હીની સરકારી કેન્ટિનોમાં પીરસાસે ગુજરાતી ઢોકળાં અને ખાખરા!

દિલ્હી, તા.૩૧

કેન્દ્ર સરકારના અલગ અલગ વિભાગોની કેન્ટિનમાં અત્યાર સુધી મોટા ભાગે ઉત્તર અને દક્ષિણ ભારતીય વાનગીઓ પીરસવામાં આવતી હતી હવે આ કેન્ટિનના મેનુમાં ટૂંક સમયમાં ઢોકળા અને ખાખરા જેવી પરંપરાગત



ગુજરાતી વાનગીઓનો પણ ઉમેરો થશે. મોદી સરકારે દરેક મંત્રાલયને સૂચના આપી છે કે તેમની કેન્ટિનમાં સ્વાસ્થ્યપ્રદ અને હળવા નાસ્તાનો પણ સમાવેશ કરવામાં આવે. આ સૂચના સાથે વાનગીઓનું જે લિસ્ટ આપવામાં આવ્યું છે એમાં ઢોકળા અને ખાખરાનો પણ સમાવેશ થાય છે.

મોદી સરકાર દ્વારા જાહેર કરાયેલી સૂચનામાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે અલગ અલગ વિભાગોની કન્ટિનમાં વેજીટેબલ સૂપ, બુંદી, ઢોકળા, ખાખરા, પોહા, મટર ચાટ, પાવભાજી, ઉપમા, ફણગાવેલા કઠોળ, પેટીસ, મફિન્સ, મિષ્ટી દહીં, સોયા સ્નેકસ, સાદુ દહીં, લીંબુ પાણી, લસ્સી, છાસ, આઈસ્કીમ અને શ્રખંડ જેવી સ્વાસ્થ્યવર્ધક અને હળવી વાનગીઓ રાખવામાં આવે. આ વાનગીઓ તેમજ પીણાંની પસંદગી વિભાગની જરુરીયાતો અને પસંદગીને આધારે કરવામાં આવે.

આ સિવાય દરેક વિભાગોને સ્વાસ્થ્યપ્રદ વાનગીઓની સ્વચ્છતા જાળવવાની પણ ચેતવણી આપવામાં આવી છે. આ પહેલાં ૨૦૦૮માં કેન્ટિનના મેનુમાં બદલાવ કરવામાં આવ્યો હતો. એ સમયે મેનુમાં બુંદી, બટરટોસ્ટ, ઢોંસા, ઈડલી, મઠ્ઠી, પનીર, પકોડા, સમોસા, વડા, વેજિટેબલ કટલેસ, વેજિટેબલ સેન્ડવિચ અને સેન્ડવિચ પકોડાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ગુજરાત-મહારાષ્ટ્રમાં બે ઔદ્યોગિક ઝોનને મંજુરી

નવીદિલ્હી,તા. ૩૧

દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રી કોરિડોર પ્રોજેકટ હેઠળ ગુજરાત અને મહારાષ્ટ્રમાં બે ઈન્ડસ્ટ્રીયલ પ્રદેશમાં માર્ગ અને મુળભૂત સુવિધાઓના નિર્માણ માટે ૪૩૧૮.૨૮ કરોડ રૂપિયા મંજુર કર્યાછે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના ભાગરુપે ગુજરાતમાં ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટના પ્રથમ તબક્કાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ માટે મંજુરી આપવામાં આવી છે જ્યારે મહારાષ્ટ્રમાં સેન્ડરા ઈન્ડસ્ટ્રીયલ એરિયાના પ્રથમ તબક્કા માટે લીલીઝંડી અપાઈ છે. આ પ્રોજેક્ટો ત્રણથી ચાર વર્ષમાં પરિપૂર્ણ કરી લેવામાં આવશે. ધોલેરા પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૨૭૮૪.૮૩ કરોડ રહી શકે છે. અધિકારી નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, નાણાને લઈને કોઈપણ પ્રકારની ગુંચવણ નથી. સેન્ડરા ઈન્ડસ્ટ્રીયલ એરિયા પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૧૫૩૩.૪૫ કરોડ રૂપિયા રહેશે. જ્યારે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૨૭૮૪.૮૩ કરોડ રહેશે.

## એસી ક્લાસના ભાડામાં આજથી ૦.૫ ટકાનો વધારો અમલી કરાશે

નવી દિલ્હી,તા. ૩૧

યાત્રી ટ્રેનોમાં ફર્સ્ટ ક્લાસ અને એસી ક્લાસમાં મોટા ભાગે મુસાફરી કરનાર રેલવે યાત્રીઓને આવતીકાલથી હવે વધારે નાણાં ચુકવવા પડશે. તેમની રેલ યાત્રા આવતીકાલથી મોંઘી થશે. કારણ કે આવતીકાલે એટલે કે પહેલી જુનથી એસી ક્લાસ ભાડામાં ૦.૫ ટકાનો વધારે અમલી બનનાર છે. નવા સર્વિસ ટેક્સ આવતીકાલથી અમલી બનતાની સાથે જ યાત્રી ટ્રેનોમાં ફર્સ્ટ ક્લાસ અને એસી ક્લાસના ભાડામાં વધારો થઈ જશે. નુરના દરમાં પણ આવતીકાલથી ૦.૫ ટકાનો વધારો અમલી બની જશે. રેલવે દ્વારા જુન ૨૦૧૪માં યાત્રી ભાડા અને નુરના દરમાં ક્રમશ ૧૪.૨ ટકા અને ૬.૫ ટકાનો જંગી વધારો કર્યો હતો. ત્યારબાદ હવે બીજી વખત વધારો અમલી બનનાર છે. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, હાલમાં એસી ક્લાસ, ફર્સ્ટક્લાસ અને નૂર માટે ૩.૭ ટકા સર્વિસ ટેક્સ લેવામાં આવે છે. ટ્રેન ભાડા ઉપર આ સર્વિસ ટેક્સ લાગૂ પડે છે જે હવે જૂનથી વધીને ૪.૨ ટકા થઈ જશે. આનો મતલબ એ થયો કે, ૦.૫ ટકાનો વધારો રહેશે.



જો એસીનું ભાડુ ૨૦૦૦ રૂપિયા છે તો સામાન્ય ટ્રેન યાત્રીને હવે ૧૦ રૂપિયા વધારે ચુકવવા પડશે. સર્વિસ ટેક્સમાં આ વધારો પહેલી જૂનના દિવસે અથવા તો ત્યારબાદ ખરીદવામાં આવેલી ટિકિટ ઉપર લાગૂ થશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પેસેન્જર ભાડામાં આ વધારો એસી અને ફર્સ્ટ ક્લાસ ઉપર જ લાગૂ પડશે. સર્વિસ ટેક્સ રેલવે દ્વારા પરિવહનથી લવાતી તમામ ચીજવસ્તુઓ ઉપર લાગૂ થશે. અધિકારીઓનું કહેવું છેકે, આ વધારો નજીવો છે પરંતુ સામાન્ય બજેટની દરખાસ્ત મુજબ આ વધારો કરવામાં આવી રહ્યો છે. સર્વિસ ટેક્સમાં વધારો કરવામાં આવ્યા બાદ ટ્રેનના યાત્રીઓને વધારે નાણા ચુકવવાની ફરજ પડશે. કારણ કે, સર્વિસ ટેક્સના હિસાબે સીધીરીતે યાત્રી ભાડામાં વધારો થશે. એસી ક્લાસ અને ફર્સ્ટ ક્લાસના ભાડામાં વધારાને લઈને સામાન્ય પ્રવાસીઓ વાંધો ઉઠાવે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. સર્વિસ ટેક્સ લાગૂ થયા બાદ પેસેન્જર ટ્રેનોમાં ફર્સ્ટ ક્લાસ અને એસી ક્લાસમાં મુસાફરી કરતા લોકોને ટ્રેન યાત્રા વધારે મોંઘી સાબિત થશે. રેલવે મંત્રી સુરેશ પ્રભુએ ફેબ્રુઆરી મહિનામાં બજેટ રજૂ કરતી વેળા આ દરખાસ્તો મુકી હતી.

## ધાર્મિક ભેદભાવનો શિકાર થયેલ યુવાનને અદાણીએ આપી નોકરી

અમદાવાદ, તા.૩૧

મુંબઈની હીરાની એક કંપનીએ એક યુવકને એટલા માટે નોકરી નહોતી



આપી કેમ કે તે મુસ્લિમ હતો. આ ઘટના પછી જીશાનના કેસની તમામ મીડિયાએ નોંધ લીધી હતી. જીશાન ખાને હવે અમદાવાદમાં આવેલ અદાણી ગ્રુપમાં જોડાવાનો નિર્ણય લીધો છે.

અદાણીની અમદાવાદ સ્થિત આવેલી કોર્પોરેટ ઓફિસમાં કેટલીક ઔપચારિકતા પુરી કરવા આવેલ જીશાન ખાતે જણાવ્યું કે ધાર્મિક ભેદભાવ પછી મને એક ડઝનથી વધારે નોકરીની ઓફરો આવી હતી. પરંતુ તમામ ઓફરમાંથી અદાણી ગ્રુપની ઓફર સૌથી બેસ્ટ હતી.

તો બીજી તરફ અદાણી ગ્રુપના અધિકારીઓનું કહેવું છે કે અમારી કંપની જાતિ, ધર્મ, સંપ્રદાય કરતા પણ વધારે ટેલેન્ટને પ્રોત્સાહન આપે છે. અમારી કંપનીએ જીશાનને એક સક્ષમ કન્ડીડેટ હોવાના કારણે તેને આ નોકરી આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે મે મહિનામાં એક માર્કેટિંગની નોકરી માટે હરિ કૃષ્ણ એકસપોર્ટસ પ્રા. લિ.માં ઈ-મેલ કર્યો હતો. આ ઈ-મેલનો ૧૫ મિનિટમાં જ જવાબ આવ્યો હતો જેમાં લખ્યું હતું કે અમને દુઃખ થાય છે કે પરંતુ અમે મુસ્લિમ કેન્ડીડેટને નોકરી આપતા નથી. આ જવાબ પછી જીશાન અને તેના મિત્રોએ આવેલ ઈમેલની સ્કિનશોટસ લઈને સોસિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો.

**૧૭મી જુલાઈના દિવસે દેશભરમાં ફિલ્મ રજૂ**

## બજરંગી ભાઈજાન નવાઝુદીન સિદીકી પત્રકારની ભૂમિકામાં

મુંબઈ,તા. ૩૧

બજરંગી ભાઈજાન ભલે દેશભરના સિનેમાહોલમાં ૧૭મી જુલાઈના દિવસે રજૂ કરવામા આવનાર છે પરંતુ તેને લઈને એક મોટી બાબતનો ખુલાસો પહેલાથી જ થઈ ગયો છે. ઈદ પર રજૂ થવા જઈ રહેલી ફિલ્મ બજરંગી ભાઈજાનમાં સલમાન ખાન બજરંગબલીના ભક્ત તરીકે ફિલ્મમાં નજરે પડનાર છે. જ્યારે અબિનેતા નવાજુદીન સિદ્ધીકી પણ અલગ પ્રકારના રોલમાં નજરે પડનાર છે. આ ફિલ્મમાં સિદ્ધીકી એક પાકિસ્તાની પત્રકારની ભૂમિકા અદા કરી રહ્યો છે. ફિલ્મના પ્રવકતાએ માહિતી આપતા કહ્યું છે કે નવાજુદીનને મોટી ભૂમિકા આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જ્યારે કિક ફિલ્મ રજૂ કરવામાં આવી હતી ત્યારે સલમાન તેની ટુંકી ભૂમિકાથી ભારે



પ્રભાવિત થયો હતો અને એજ વખતે તે નવાજુદ્દીનને બીજી ફિલ્મની ઓફર કરી ચુક્યો હતો. કિક ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા હાંસલ કરી ગઈ હતી.

સલમાની કિક બાદ આ બીજી ફિલ્મ છે.બજરંગી ભાઈજાનમાં બન્ને ફરી એકવાર સાથે કામ કરી રહ્યા છે. સલમાન હાલમાં બોલિવુડનો સૌથી મોટા સ્ટાર તરીકે છે, તેની તમામ ફિલ્મો બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી રહી છે. બજરંગી ભાઈજાનમાં તેની સાથે અભિનેત્રી તરીકેની ભૂમિકામાં કરીના કપુર નજરે પડનાર છે. કરીના અને સલમાન વિતેલા વર્ષોમાં કેટલીક ફિલ્મમાં સાથે કામ કરી ચુક્યા છે. જેમાં બોક્સ ઓફિસ પર ધુમ મચાવી ચુકેલી બોડીગાર્ડ ફિલ્મનો સમાવેશ થાય છે. લાખો સલમાનના ચાહકો આ ફિલ્મનો પણ ઉત્સુકતાપૂર્વક ઈન્તજાર કરી રહ્યા છે.

## પાકિસ્તાન સાથે મંત્રણા માટે ભારત હમેશ તૈયાર

નવીદિલ્હી,તા. ૩૧

વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે આજે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો સહિત જુદા જુદા વિષયો ઉપર વાત કરી હતી. ઈરાકમાં અટવાયેલા ભારતીયોના મુદ્દે પણ તેઓએ વાત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેપાળ યાત્રા અંગે પણ વાત કરી હતી. સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે, ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો સારા રહ્યા ન હોવા છતાં મુશ્કેલ સમયમાં એકબીજાની મદદ કરે છે. પેશાવર આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરતા સુષ્માએ કહ્યું હતું કે મોદીએ પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફને ફોન કરીને ખાતરી આપી હતી કે, જરૂરિયાતના સમયમાં ભારત તેમની સાથે છે. બંને દેશો વચ્ચે અટવાઈ પડેલી મંત્રણા પ્રક્રિયા અંગે વાત કરતા સુષ્માએ કહ્યું હતું કે, ભારત શાંતિપૂર્ણરીતે તમામ વિવાદોને ઉકેલવા માટે તૈયાર છે પરંતુ મંત્રણામાં ત્રીજા કોઈ પક્ષને સામેલ કરવામાં આવશે નહીં. ઈરાકમાં અટવાયેલા ભારતીય લોકોના મુદ્દે પણ તેઓએ વાત કરી હતી અને કહ્યું હતું કે, ભારતીય લોકોને સુરક્ષિતરીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી. વડાપ્રધાનની નેપાળ યાત્રાના મુદ્દે વાત કરતા તેમણે કહ્યું હતું કે, છેલ્લા ૧૫ વર્ષમાં કોઈપણ ભારતીય વડાપ્રધાને નેપાળની મુલાકાત લીધી ન હતી. છેલ્લા ૨૩ વર્ષથી નેપાળમાં જેસીએમના ભાગરુપે કોઈપણ વિદેશમંત્રી રહ્યા ન હતા. વડાપ્રધાનની વિદેશ યાત્રા અંગે વાત કરતા સુષ્માએ કહ્યું હતું કે, મોદી આ વર્ષે ઈઝરાયેલની પણ મુલાકાત લેનાર છે.

આ યાત્રાની તારીખ અને સમયની હજુ જાહેરાત કરવામાં આવી નથી પરંતુ ટૂંકમાં જ આ અંગે નિર્ણય લેવાય તેવી શક્યતા છે. પાકિસ્તાન સાથે મંત્રણા પ્રક્રિયા પુનઃ શરૂ કરવાનો તેઓએ સંકેત આપ્યો હતો.

**પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થશે**

## મોદી રાજપથ પર ૪૫ હજાર લોકો સાથે યોગ કરવા સજ્જ

નવીદિલ્હી,તા. ૩૧

મનકી બાત કરી લીધા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે આરોગ્યને રાખવા માટે જરૂરી ટિપ્સ આપવા પણ જઈ રહ્યા છે. મોદી યોગ ગુરૂ બનવા માટે તૈયારી કરી ચુક્યા છે. પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈને મોદી સરકાર જોરદાર તૈયારી કરી રહી છે. ૨૧મી જુનના દિવેસ સાત રેસ કોર્સ રોડ પર વહેલી સવારે નિયમિત યોગ કરનાર મોદી રાજપથ પર આશરે ૪૫ હજાર લોકોની સાથે યોગ કરવા જઈ રહ્યા છે. તેમની સાથે કેન્દ્રના કેટલાક પ્રધાનો, સાંસદો, અધિકારીઓ અને અન્ય ટોચના લોકો પણ યોગ કરતા નજરે પડનાર છે. વડાપ્રધાનના આદેશ બાદ તમામ અંડર સેક્રેટરી અને તેમના ઉપરના સ્તરના અધિકારીઓને આ યોગ કેમ્પમાં ભાગ લેવા માટે સુચના આપવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ યોગ કેમ્પ વિજય ચોકથી ઈન્ડિયા ગેટ સુધી આશરે ૧.૪ કિલોમીટર વિસ્તારમાં થશે. આસપાસના ૧૭ માર્ગોને પણ યોગ સ્થળમાં ફેરવી દેવામાં આવનાર છે. આ વિસ્તારની સુરક્ષા માટે કઠોર પગલા લેવામાં આવી રહ્યા છે. આ પ્રસંગે દિલ્હી પોલીસના જવાનોની સાથે સાથે કમાન્ડો અને એનએસજીના જવાનો પણ તૈનાત કરવામાં આવનાર છે. મોદીની સાથે મોદી સંખ્યામાં અધિકારીઓ પણ જોડાનાર છે. નરેન્દ્ર મોદી હવે ૨૧મી જૂનના દિવસે આગામી મહિનામાં જાહેર કાર્યક્રમમાં યોગા કરનાર છે. યોગામાં સામાન્ય લોકો વધારે જાગૃત થાય અને આમા જોડાય તે હેતુસર મોદી રાજપથ ખાતે યોગા કરનાર છે. વડાપ્રધાન પોતે રાજપથ ખાતે આયોજિત કાર્યક્રમમાં શ્વાસ નિયંત્રણ અને શારીરિક કસરતને લઈને તમામ લોકોને મહત્વની માહિતી આપશે. પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગાદિવસને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ૫ યોગા પ્રેક્ટિસ કરનાર લોકો, ધાર્મિક નેતાઓ અને અન્ય વરિષ્ઠ લોકોને આમા આવરી લેવામાં આવશે. સમાજના જુદા જુદા વર્ગના લોકોને આમા સામેલ કરવામાં આવશે. યોગા દિવસને જોરદારરીતે સફળ બનાવવા માટે પણ સરકાર દ્વારા પ્રયાસો હાથ ધરાયા છે.